ત્રણ વર્ષ પૂર્વેના ચકચારી બનાવમાં બોટાદ સ્પે. પોકસો કોર્ટનો ચૂકાદો

બોટાદ જિલ્લામાં છ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખત કેદ

ચૂકાદો ભોગગ્રસ્તને પાંચ લાખનું વળતર આપવા હુકમ : સ્કેચના આધારે સાત દિવસ બાદ આરોપી ઝડપાયો હતો

। બોટાદ ।

બોટાદ જિલ્લામાં ત્રણ વર્ષ અગાઉ છ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમને બોટાદની સ્પે. પોક્સો કોર્ટે તકસીરવાન ઠેરવીને ૨૦ વર્ષની સજા અને પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.તેમજ ભોગ બનનારને વળતર પેટે પાંચ લાખ ચૂકવવા હુકમ કર્યો હતો.

બનાવની વિગત એવી છે કે, બોટાદ શહેરમાં ત્રણ વર્ષ અગાઉ ગત તા.૨૯/૧૧/૨૦૧૮ના રોજ બપોરના સમયે એક છ વર્ષની માસુમ બાળકીને અજાણ્યો શખ્સે પતંગની લાલચ આપી,ખુલ્લા પ્લોટીંગના કંમ્પાઉન્ડમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. સભ્ય સમાજમાં ઘૃણાસ્પદ બનેલાં આ બનાવને લઈ ચોતરફથી આરોપીને ઝડપી કડક શિક્ષા કરવા માંગ ઉઠી હતી. જયારે, બનાવ સંદર્ભે ભોગ બનનાર બાળકીના પિતાની ફરીયાદ આધારે બોટાદ પોલીસે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ઈ.પી.કો.ક-૩૭૬(એ)(બી) તથા પોક્સો અધિનયમની કલમ-૪, ૬, ૮, ૧૨ મુજબનો ગુન્હો નોંધ્યો હતો. જો કે, આ ચકચારી બનાવમાં આરોપીની કોઈ ઓળખ જાહેર થઈ ન હોવાથી બોટાદ જિલ્લા પોલીસ માટે આરોપીની ઓળખ કરી તેન ઝડપી લેવો એ મોટો પડકાર હતો. બોટાદ જિલ્લા પોલીસે ઘટનાના સાત દિવસ બાદ આ ગુન્હામાં કુલદિપસિંહ ઉર્ફે અરૂણ રાજુભા પરમાર (રહે. બોટાદ)ની ઓળખ કરી ઝડપી લીધો હતો. અને વૈજ્ઞાનિક તેમજ સાંયોગિક પુરાવાઓનું એકત્રીકરણ, વિવિધ પંચનામા, જરૂરી સાહેદોના નિવેદનો મેળવી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી

આ અંગેનો કેસ આજે બોટાદની એડી.સેશન્સ અને સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં સ્પે.જજ વી.બી.રાજપુત સમક્ષ ચાલ્યો હતો.જેમાં કોર્ટે બન્ને પક્ષની વકીલોની દલીલો સાંભળીને આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો. જયારે, ભોગ બનનારને રૂપિયા પાંચ લાખનું આર્થિક વળતર આપવા પણ હુકમ કર્યો હતો.

શકમંદને શોધવા સ્કેચ તૈયાર કરાયો હતો

બાળકી પર દુષ્કર્મ ગુજારનાર ઈસમ અજાણ્યો હોવાથી બોટાદ પોલીસે બાળા અને બાળ સાહેદોની મદદથી શકમંદ આરોપીનો સ્કેચ તૈયાર કરવા સ્કેચ એક્સપર્ટની મદદ લીધી હતી. તો,જિલ્લાના કુલ-૧૫૦ પોલીસ અધિકારી અને કર્મચારીઓની કુલ ૭ ટીમો બનાવી હતી. ઉપરાંત, સ્કેચનો જુદા-જુદા વાહનો તથા સામાજીક આગેવાનો તથા સંસ્થાઓને આપી બહોળી પ્રસિદ્ધિ કરાવી હતી.એટલું જ નહીં, પોલીસની ટીમ દ્વારા આરોપીના સ્કેચની શંકાસ્પદ ઇસમોના મતદાર યાદીના ફોટાઓ સાથે સરખામણી કરી તપાસ પણ કરી હતી.

નશાખોર પતિ,સાસુ,નણંદના ત્રાસથી કંટાળી પરિણીતા મરવા મજબુર બની

મણાર : ગળેફાંસો ખાઈ પરિણીતાએ ૯ વર્ષના લગ્નજીવનનો અંત આણ્યો

વેવાઈ પક્ષે મૃતકના પિયરીયે જાણ ન કરી,મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરતાં ફરિયાદ

।તળાજા (સંદેશ ન્યુરો) ।

તળાજાના મણાર ગામે પરિણીતાએ પતિ, સાસુ તથા નણંદના ત્રાસથી કંટાળીને ગળાફાંસો ખાઈ નવ વર્ષના લગ્નજીવનનો અંત આણી દિધો હતો. જો કે, બનાવ બાદ વેવાઈ પક્ષે મૃતકના પિયર પક્ષે જાણ ન કરી હોવાનો મૃતકના ભાઈએ આરોપ લગાવ્યો હતો. જયારે,સાસરિયા વિરૂદ્ધ પરિણીતાને મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાયા બાદ જ મૃતદેહ સ્વિકારવાની માંગને લઈ અલંગ પોલીસે ત્રણ વિરૂદ્ધ પરિણીતાને મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધી હતી.

તળાજાના પાવઠી ગામે રહેતા ઉસ્માનભાઈ હાસમભાઈ જુણેજાએ અલંગ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીના બહેન અફ્સાબેનના નિકાહ મણાર ગામે રહેતા ઈમરાન દિલાવરભાઈ કુરેશી સાથે નવેક વર્ષ પહેલાં થયા હતા. બહેનને કરિયાવર બાબતે નશાખોર પતિ ઈમરાન, સાસુ મુનિબેન અને નણંદ આસમીનબેનને શારીરિક માનસિક ત્રાસ અને મેણાં ટોણા મારતા હતા.સાસરિયા પક્ષના ત્રાસના કારણે અપસાનાબેન પિયર પાવઠી આવતા રહ્યા હતા પરંતુ સમાધાન કરી પરત ગયા હતા. દરમિયાનમાં સાસરિયાઓનો ત્રાસ સહન ન થતા આખરે તેમણે ગળેફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લીધી હતી. બનાવને લઈ અલંગ પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ લઈ ઉક્ત વિરૂદ્ધ પરિણીતાને મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધી હતી.

ઉલ્લેખનિય છે કે, પરિણીતાએ ગળેફાંસો ખાધા બાદ બનાવ અંગેની જાણ જમાઈ કે વેવાઈ પક્ષે ફરિયાદી પક્ષને કરી ન હતી.જયારે, સુરત ખાતે રહેતા જમાઈએ કરી હતી. બીજી તરફ પરિણીતાના મૃતદેહને પી.એમ. માટે તળાજા હોસ્પિટલ ખસેડાયો હતો. જો કે,મૃતકના પિયરીયાઓએ ઉક્ત વિરૂદ્ધ પરિણીતાને મરવા મજબૂર કર્યાની ફરિયાદ ન નોંધાય ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દેતાં આખરે પોલીસે ફરિયાદ લીધી હતી.

ગઈકાલે બપોરબાદ મોત થયું છેઃ ડોકટર

અફ્સાનાબેનના મૃત્યુને લઈ પિયર પક્ષે પરિણીતાને ગઈકાલે બપોરના સમયે માર મારતાં તેનું મોત નિપજયાનો ગંભીર દાવો અને આશંકા વ્યક્ત કરી હતી. જેના આધારે પોલીસે પેનલ પી.એમ.ની માગ કરતા બે ડોકટરોએ પી.એમ. કર્યું હતું.જેમાં પ્રારંભીક અનુમાનમાં ગઈકાલે મધ્યાહન બાદ મોત નિપજ્યાનું તારણ બહાર આવ્યું હતું. ડોકટરએ જણાવ્યું હતું કે પી.એમ.કર્યાના સમય પહેલા મોત સત્તારેક કલાક પહેલા થયું હોય શકે.

બહેનની અંતિમવિધિ પાવઠી ગામે કરીશું,ન્યાય જોઈએ



ફરિયાદી ઉસ્માનભાઈ જુણેજાએ જણાવ્યું હતું કે મારા બહેનને ખૂબ ત્રાસ હતો.છતાંય અનેક વખત સમાધાન સમજાવટ કરી સાસરે મોકલતા હતા.ગઈકાલે બપોરે ઝઘડો થયેલ તે વાત પણ અમોને જાણવા મળેલ છે.ત્રાસ આપનારને અમો મૃતદેહ આપવાના નથી.અંતિમ વિધિ પણ પાવઠી ગામે જ કરવામાં આવી હતી.બહેનના મોતને લઈ અમો ન્યાયની અપેક્ષા રાખીએ છીએ.

ભૂજમાં ૭મીથી આરંભ થનારી આંતર યુનિ. કર્મચારી ક્રિકેટ

ટૂર્નામેન્ટમાં યુનિવર્સિટીના કર્મીઓ કાંડાની કૌવત બતાવી શકશે નહી

નિરાશા મંજૂરી લેવાઈ નથી :રજિસ્ટ્રાર, કોરોનાને લીધે ટીમ નહિ જાય:કર્મચારી પરિવાર પ્રમુખ

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

રાજ્યની આંતર યુનિવર્સિટી વહીવટી કર્મચારીઓ માટે ડિસેમ્બર-જાન્યુઆરીમાં ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાતી હોય છે. આ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રાજ્યની યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ ઉત્સાહભેર ભાગ લઈને કાંડાનુ કૌવત બતાવતા હોય છે. આંતર યુનિવર્સિટી કર્મચારીઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ આગામી તા.૭, ૮ અને ૯ના ભૂજ ખાતે આરંભ થશે. અલબત્ત, આંતર યુનિવર્સિટી કર્મચારીઓની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓ ભાગ લેતા ન હોવાથી કર્મચારીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે.

ભૂજમાં આરંભ થનારી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાવનગર યુનિવર્સિટીની કર્મચારી પરિવારની ટીમ ભાગ નહિ લેવાના સંદર્ભમાં યુનિ. કુલસચિવ ડો. કૌશિકભાઈ ભટ્ટએ પુછતા તેઓએ જણાવ્યુ હતું કે, યુનિ.ના કર્મચારીઓ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લે તે માટે કર્મચારીઓ તરફથી કોઈ પત્ર કે મંજૂરીની પ્રક્રિયા હાથ ધરાઈ નથી, સામાન્ય રીતે યુનિ.ના કર્મચારીઓ યુનિ.ની બહાર કોઈ સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટે યુનિ. પ્રશાસનની મંજૂરી લેતા હોય છે. જોકે આજ સુધી કોઈ મંજૂરી લેવામાં આવી નથી. બીજી તરફ ભાવનગર યુનિવર્સિટી કર્મચારી પરિવાર ના પ્રમુખ અરવિંદભાઈ ગોહેલે એક વાતચિતમાં જણાવ્યુ હતું કે, કોરોનાને લીધે આ વખતે યુનિ. કર્મચારી પરિવાર ની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા જશે નહિ. ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે યુનિ.ની મંજૂરીની પ્રક્રિયા કરાઈ નથી.

શારીરિક શિક્ષણ વિભાગને આયોજન સોંપો

બીજી તરફ યુનિ.ના કેટલાક કર્મચારીઓમાં એવો ચણભણાટ થઈ રહ્યો છે કે, યુનિ. કર્મચારી પરિવારના બદલે આગામી સમયમાં યુનિ.ના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા જ આંતર યુનિ. કર્મચારીઓની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા કે મોકલવા સહિતની પ્રક્રિયા યુનિ. પ્રશાસન સાથે હાથ ધરે તે જરૂરી છે.તેમ કેટલાક કર્મચારીએ વ્યથા ઠાલવતા જણાવ્યુ હતું.

યુનિ.ના કર્મચારીઓની પ્રેક્ટીસ એળે ગઈ

આંતર યુનિ. કર્મચારીઓની ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે યુનિ.ના કર્મચારીઓ ખાસ્સા સમયથી પ્રેક્ટીસ કરતા હતા, જોકે ભાગ લેવા માટે હજુ સુધી મંજૂરીની કોઈ પ્રક્રિયા નહિ થતા ઉત્સાહપૂર્વક પ્રેક્ટીસ કરીને યુનિ.ની ટીમને જીતાડવા માટે અથાગ પરિશ્રમ કરી રહેલા કર્મચારીઓના મુખારવિંદ પર આનંદના બદલે માયુસી ફરી વળી છે.

ખોડલધામના ચેરમેન નરેશભાઈ ૭મીએ બોટાદની મુલાકાત લેશે

। બોટાદ ।

ખોડલધામ કાગવડ ના ચેરમેન નરેશભાઈ પટેલ બોટાદ શહેરના હીફ્લી વિસ્તારમાં આવેલ લેઉવા પટેલ સમાજની વાડી ખાતે તા.૭/૧/૨૨ શુક્રવારે સવારે ૧૦ : ૩૦ કલાકે આવશે.

ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને પાંચ વર્ષ પૂર્ણ થતાં તા. ૨૧/૧/૨૨ ના રોજ ખોડલધામ કાગવડ ખાતે પંચમ પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ રૂબરૂ આમંત્રણ આપવા બોટાદમા લેઉવા પટેલ સમાજની વાડીની મુલાકાત લેશે.

આંતર કોલેજ ક્રિકેટ ટુર્ના.ના એલીજીબીલીટી લીસ્ટમાં નામ નહી ધરાવનારા

છાત્રનુ અંતિમ ઈલેવનમાં નામ આવતા KPES બહાર

વળીયા કોલેજનો ખેલાડી ઓવરએજ, રમવાની તક ન અપાઈ

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર યુનિ.ના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા માદૃતિ કોલેજના યજમાનપદે આયોજિત આંતર કોલેજ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં એલીજીબીલી લીસ્ટમાં નામ નહિ ધરવાનારા છાત્રનુ અંતિમ ઈલેવનમાં નામ આવતા આખરે કે.પી.ઈ.એસ. કોલેજની ટીમ સ્પર્ધામાંથી બહાર ખસી ગઈ છે.

આ અંગે યુનિ.ના સુમાહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર, એમ.કે. ભાવનગર યુનિ.ના શારિરીક શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આંતર કોલેજ ક્રિકેટ ટૂર્નામેન્ટ અંતર્ગત આજે યુનિ. ગ્રાઉન્ડ ખાતે વળીયા કોલેજ અને કે. પી.ઈ.એસ. કોલેજ વચ્ચે ખેલાઈ હતી.

આ મેચ શરૂ થયા બાદ એલીજીબીલીટી લીસ્ટમાં નામ નહિ ધરાવનારા ખેલાડીનુ અંતિમ ઈલેવનમાં નામ સમાવેશ થયા હોવાનુ યુનિ.ના ધ્યાન પર આવતા યુનિ.એ આ ખેલાડીનુ નામ કાઢી નાખ્યુ હતું.

અલબત્ત અંતિમ ઈલેવનમાં સામેલ આ ખેલાડી ગ્રાઉન્ડ પર હાજર રહ્યો ન હતો. દરમિયાન સમગ્ર ઘટનાક્રમ પગલે કે.પી.ઈ.એસ.ની ટીમએ ટૂર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો હતો. બીજી તરફ વળીયા કોલેજના એક ખેલાડી ઓવરએજ હોવાનુ યુનિ.ના ધ્યાન પર આવ્યુ હતું. જોકે તેને રમવાની તક અપાઈ ન હતી. તેમ સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ટૂર્નામેન્ટમાંથી કેપીઈએસ ખસી ગઈ

સમગ્રઘટના યુનિ.ના ધ્યાન પર આવ્યા બાદ કેપીઈએસની ટીમએ ટૂર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. જ્યારે વળીયા કોલેજનો એક ખેલાડી ઓવરએજ હોવાનુ ધ્યાન પર આવ્યુ હતું.જેને રમવાની તક અપાઈ ન હતી.વળીયા કોલેજને વિજેતા જાહેર કરાઈ હતી.

-ડો.દિલિપસિંહ ગોહિલ, શારીરિક શિક્ષણ નિયામક, ભાવનગર યુનિ.

VADODARA GAS LIMITED
(A Joint Venture of GAIL Gas Ltd. and VMSS)
CIN: U40106GJ2013PLC076828
NOTICE INVITING TENDER
(OPEN DOMESTIC COMPETITIVE BIDDING)

Vadodara Gas Limited invites bids on n-Procure (www.nprocure.com) from eligible bidders for the following services/works as detailed below:

Sr. No.	Tender No.	Tender ID (n-Procure)	Bid Document available online on n-Procure from	Last Date & time for Bid submission (Soft Copy) online on n-Procure
1	SUB: BALANCE LAYING AND CONSTRUCTION OF STEEL PIPELINE NETWORK & ASSOCIATED WORKS IN BETWEEN MANISHA CIRCLE TO AIRPORT FOR CNG & CITY GAS DISTRIBUTION PROJECT AT VADODARA			
	VGL/ CO/ C&P-CNG/ BD202109169	499512	05/01/2022	27/01/2022 upto 1600 Hrs.
2	SUB: SERVICES FOR HIRING OF MANPOWER FOR BILLING, DISTRIBUTION AND CASH COLLECTION OF VGL'S PNG CUSTOMERS AT DANDIYA BAZAAR GAS OFFICE AND WARD OFFICES FOR VGL, VADODARA FOR A PERIOD OF TWO YEARS			
	VGL/CO/C&P-BILLING/ BD202111172	499372	04/01/2022	27/01/2022 upto 1600 Hrs.

For detailed Notice Inviting Tender, please visit our website www.vgl.co.in and you can download the tender document from n-Procure (**www.nprocure.com**).
For any queries, bidders may contact Asst. Mgr. C & P, Vadodara Gas Limited, Phone: 0265-2334075; e-mail: cnp@vgl.co.in
Disclaimer: Any revision, clarification, addendum, corrigendum, time extension, etc. in the above tender(s) will be hosted on n-Procure and VGL website only and no separate notification shall be issued in the press. Bidders are requested to visit the website regularly to keep themselves updated.
Published by: Vadodara Gas Ltd.

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

ડબલીંગ પ્રોજેક્ટના સંબંધમાં કુટ ઓવર બ્રિજનું બાંધકામ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, રાજકોટ દ્વારા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારવામાં આવે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.** ડીવાયસીઈસીઆરજેટી-એસયુએનઆર-આરજેટી-39. (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** સુરેન્દ્રનગર-રાજકોટ ડબલીંગ પ્રોજેક્ટના સંબંધમાં અમરસર, કાંકોટ, સીંધાવદર, ખોરાના, બીલેશ્વર સ્ટેશનો ખાતે સીડીઓ, રેમ્પ સહિત કુટ ઓવર બ્રિજનું બાંધકામ અને અન્ય પરચુરણ કાર્ય . (2) **કામની અંદાજિત કિંમતઃ** ₹ 19,33,75,450.86 (3) **પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 09 મહિના. (4) **ઈએમડીઃ** ₹ 11,16,900.00 (5) **બીડ જમા કરવાની અને બીડ ખુલવાની તારીખ અને સમયઃ** તા.28-01-2022 ના 15:00 કલાક સુધી જમા કરાવી શકાશે અને તા.28-01-2012 ના 15:15 કલાકે ખોલાશે. (6) **વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું:** ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)ની ઓફીસ, પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-064

આગળ જોતો રહોઃ twitter.com/WesternRly

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
જાહેરાત ક્રમાંક : ૦૩/૨૦૧૮ (બિન-શૈક્ષણિક)

(લેબોરેટરી ટેકનીશ્યન, હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન તથા સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ/ ટેકનીકલ આસીસ્ટન્ટ (ખેતી અધિકારી સમકક્ષ))

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ક્ષેત્રાધિકારમાં આવેલ જુદી જુદી કચેરીઓમાં વર્ગ-૩ની બિન-શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ હંગામી પગારથી પાંચ વર્ષના સમયગાળા માટે કરારના ધોરણે નિમણૂંક આપવાની થતી હોઇ, જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવા માટે જાહેરાત ક્રમાંકઃ ૦૩/૨૦૧૮ (બિન શૈક્ષણિક) ની જાહેરાત તા.૨૨/૦૫/૨૦૧૮ના રોજ **"સંદેશ"** વર્તમાન પત્રમાં પ્રસિધ્દ્ધ કરવામાં આવેલ હતી.

તે અન્વયે લેબોરેટરી ટેકનીશ્યન, હોસ્ટેલ આસીસ્ટન્ટ વોર્ડન તથા સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ/ ટેકનીકલ આસીસ્ટન્ટ (ખેતી અધિકારી સમકક્ષ) ની જગ્યા માટે પ્રાથમીક ધોરણે પ્રમાણપત્રની ચકાસણી માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી યુનિવર્સિટીની **website : www.aau.in** પર પ્રસિધ્દ્ધ કરવામાં આવેલ છે.

સદરહું ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી માટે તા.૧૧/૦૧/૨૦૨૨ના મંગળવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે એકઝામ હોલ, ડીપાર્ટમેન્ટ ઓફ બેઝીક સાયન્સ, બં. અ.કૃષિ મહાવિદ્યાલય પાછળ, આ.કૃ.યુ., આણંદ ખાતે અરજી પત્રક સાથે બીડેલ અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વ પ્રમાણિત નકલો(એક કોપી) સાથે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે. સદરહું પ્રમાણપત્ર ચકાસણીમાં ગેરહાજર રહેલ ઉમેદવારોને ભરતીની આગળની પ્રક્રિયામાં સમાવિષ્ટ કરવામાં આવશે નહીં.

સૂચનાઃ કોવેલ કોરોના વાઇરસ (Covid-19) મહામારીના સંબંધમાં સરકારશ્રીની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

તા.૦૬/૦૧/૨૦૨૨ | માહિતી/આણંદ/૫૯૦/૨૧-૨૨ | **કુલસચિવ**

M/S FNL AAC BLOCK PRIVATE LIMITED - IN LIQUIDATION
Liquidator Address: 3rd floor, Reegus Business Center, New Citylight, Bharthana, Vesu, Surat - 395007. E-mail: ipvineeta.fnl@gmail.com, Contact-+91 93767-81166

E-AUCTION SALE NOTICE

Notice is hereby given to the public in general under the Insolvency and Bankruptcy Code, 2016 and Regulations there under that the assets of M/s FNL AAC Block Private Limited - in liquidation (Corporate Debtor) situated at, Block No-294 [old block no. 294,296 and 297] R.S. No. 216,216/3,218/1 and 218/3, B/s situated near Vadoli circle, beside FNL Bricks Works Vadoli, Olpad, Surat, Gujarat will be sold by E-auction through the service provider M/s E- procurement Technologies Limited (Auction Tiger) via website https://ncltauction.auctiontiger.net.

Date and Time of Auction	Wednesday, 12.01.2022 Between 11:00 AM to 5:00 PM
Last Date for Submission of EMD	11.01.2022 before 05:00 PM
Inspection Date & Time	On or before 10.01.2022 From 11:00 AM to 5:00 PM Contact person +91-9376781166

Date and Time of Auction: 12.01.2022 (Time: 11.00 AM to 1.00 P.M)

Option	Details of assets	Block	Reserve Price (Rs.)	Earnest Money Deposit (Rs.)
1	Sale of Corporate Debtor as going concern along with all its assets [including Land having leasehold right with the Corporate Debtor, further Plant & Machinery owned by the Corporate Debtor & Building constructed by CD.].	Block 1	6,54,56,368	65,45,637
	OR			
2	Sale of set of assets collectively [Details as per above mentioned Option 1].	Block 2	6,54,56,368	65,45,637
Date and Time of Auction: 12.01.2022 (Time: 03.00 PM to 5.00 P.M)				
3	Sale on Standalone Basis of Plant & Machinery* (Plant and Machineries installed /lying at the factory premises.)	Block 3	2,59,67,409	25,96,741
	OR/AND			
4	Sale on Standalone Basis of Land & Building* (Industrial Land bearing Block No.294 (old block no 294, 296 and 297), R.S. No. 216, 216/3,218/1 & 218/, situated near Vadoli Circle, Vadoli, Olpad, Surat	Block 4	3,94,88,959	39,48,896

*Option 3 and Option 4 will only be considered in case of unsuccessful bidding of Option 1 or 2.

Notes:
- The assets of the Company are proposed to be sold on **"As is where is basis", "As is what is basis", "Whatever there is basis" and "No recourse" basis.**
- Interested bidders can submit the Expression of Interest, Confidentiality and Non- disclosure undertaking on or before 10.01.2022.
- The EMD (refundable) shall be payable by interested bidder through NEFT/RTGS/Demand Draft along with the related documents i.e. Exibit III, IV and V to be submitted on or before 11.01.2022 in account mentioned below.
- All the taxes, government levies, title transfer fees on the sale of assets will be borne by the buyer.

Details of bank account are as follows: Account Number: 270020110002635, Beneficiary Name: M/S FNL AAC Block Private Limited - in Liquidation, Bank Name: Bank of India, Branch: Surat Main branch, IFSC Code : BKID0002700

For detailed terms and condition of Sale and E-auction, refer Process Document available on https://ncltauction.auctiontiger.net. For any query regarding sale +91- 9376781166 and E-auction, contact Mr. Praveen Thevar at +91-9722778828, 079-3502 2160/182/175, E-mail ID: nclt@auctiontiger.net

Sd/-
Vineeta Maheshwari
Date: 06.01.2022 Liquidator of M/S FNL AAC Block Private Limited
Place: Surat IBBI Reg. No: IBBI/IPA-001/IP-P00185/2017-18/10364

કમિશનર, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર
Email: ag-auction-sau-cgm@gujarat.gov.in

સંદર્ભ નં.: Geo/Minor/Block/BLS/JMN/૮૮/૨૦૨૧-૨૨/૦૦૨ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧

નોટીસ ઇન્વાઇટીંગ ટેન્ડર
"બિલ્ડિંગ લાઈમસ્ટોન ખનીજની ક્વોરી લીઝ મંજૂર કરવાના હેતુઓ માટે બીડ આમંત્રણ"

ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અને અધિનિયમ ૧૯૫૭ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તે અંતર્ગત પ્રસિધ્ધ થયેલ ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઇઓ મુજબ ગુજરાત સરકારે ઈ-ઓકશન માટે ૦૪ (ચાર) બિલ્ડિંગ લાઈમસ્ટોન ખનીજના બ્લોક્સ તૈયાર કરેલ છે અને ક્વોરી લીઝ મંજૂર કરવાના હેતુ માટે બીડ આમંત્રિત કરે છે.

ઈ-ઓકશન માં ભાગ લેવા માટે પાત્રતા, તારીખ, સમય અને શરતો ટેન્ડર દસ્તાવેજ માં પૂરા પાડવામાં આવશે. ખનીજ બ્લોક ની ઈ-ઓકશન પ્રક્રિયા માટે સમયરેખા, જાહેરનામું, અદ્યતન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જ ઉપલબ્ધ રહેશે અને (n) Code Solutions – A division of GNFC Limited (https://cgm-eauction.nprocure.com)ની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.


રસ ધરાવતા બિડર્સ ઈ-ઓકશન ની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉપરના ઈ-ઓકશન પોર્ટલ પર જરૂરી લોગીન આઇ.ડી અને પાસવર્ડ મેળવવા માટે પોતાની નોંધણી કરાવી શકે છે.

ઈ-ઓકશન પોર્ટલ પ્રોવાઇડરની વેબસાઇટ પર તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ થી ટેન્ડર દસ્તાવેજ ના વેચાણ શરૂ થશે, જે દરેક બિલ્ડિંગ લાઈમસ્ટોન ખનીજ ના બ્લોક માટે ₹ ૫,૦૦૦/- ટેન્ડર ફી ની ચૂકવણી કર્યા બાદ મેળવી શકાય છે. મોડેલ ટેન્ડર દસ્તાવેજ અને ખનીજ બ્લોક ફ્રેકી વિગતો ઈ-ઓકશન પોર્ટલ ઉપરથી વિનામૂલ્યે મેળવી શકાય છે.

અનુ. નં.	ખનીજ બ્લોકનું નામ	સ્થળ (ગામ, તાલુકો, જીલ્લો)	વિસ્તાર (હેકટરમાં)	જમીન નો પ્રકાર (સરકારી/ ખાનગી)	ખનીજની ઉપલબ્ધ અંદાજીત જથ્થો (મે.ટનમાં)
૧.	અમરાપર બિલ્ડિંગ લાઈમસ્ટોન બ્લોક – ૮	અમરાપર, જામજોધપુર, જામનગર	૧.૧૯૬૪	ખાનગી	૨,૫૧,૨૭૪
૨.	અમરાપર બિલ્ડિંગ લાઈમસ્ટોન બ્લોક – ૯	અમરાપર, જામજોધપુર, જામનગર	૧.૨૮૦૦	ખાનગી	૧,૫૭,૨૪૮
૩.	અમરાપર બિલ્ડિંગ લાઈમસ્ટોન બ્લોક – ૧૦	અમરાપર, જામજોધપુર, જામનગર	૨.૦૦૦૦	સરકારી	૪,૧૬,૯૫૦
૪.	માલવડા બિલ્ડિંગ લાઈમસ્ટોન બ્લોક – ૧	માલવડા, જામજોધપુર, જામનગર	૧.૦૧૧૮	ખાનગી	૧,૨૨,૬૩૪

- જિલ્લા કલેક્ટર, જામનગર

માહિતી-જામ.-વ.જા.ખ./૬૫૮/૨૦૨૨



સર્વોચ્ચ ગુણવત્તા માટે અત્યાધુનિક ટેકનોલોજી

બેંક ઓફ ઇન્ડીયા (પ્રીમાયસીસ વિભાગ) અમદાવાદ ઝોન

અમારી ગોમતીપુર શાખાને સ્થાનાંતર કરવા માટે પ્રિમાયસીસની જરૂરીયાત

હાલની શાખા ના પ્રિમાયસીસથી ૧ કી.મી.ની અંદર અમારી **ગોમતીપુર શાખા, અમદાવાદ ઝોન** ને સ્થાનાંતર કરવા માટેની ઇઓઆઇ (દરખાસ્ત) આમંત્રિત કરતું વિગતવાર જાહેરનામુ અમારી વેબસાઇટ **www.bankofindia.co.in** ઉપર ઉપલબ્ધ છે. દરખાસ્ત મોકલવા માટેનું નકકી કરેલ ફોરમેટ અમારી ઓફીસ, બેંક ઓફ ઇન્ડીયા બિલ્ડીંગ, પાંચમો માળ, પ્રિમાયસીસ વિભાગ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતે થી મેળવી શકાશે અથવા અમારી વેબસાઇટ **www.bankofindia.co.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. **દરખાસ્ત મોકલવા માટેની છેલ્લી તારીખ ૨૭.૦૧.૨૦૨૨** ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી.

તારીખ : ૦૬.૦૧.૨૦૨૨ ઝોનલ મેનેજર, અમદાવાદ ઝોન

ગુજરાત સરકાર
જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બોટાદ
એમ.જી.એન.આર.ઇ.જી.એ. (મનરેગા) - બરવાળા ઓન લાઇન જાહેર-નિવિદા નં.૩ સને:૨૦૨૧-૨૨

**કામની વિગતઃ- બરવાળા તાલુકાના એમ.જી.એન.જી.એ (મનરેગા) હેઠળ વિવિધ ગ્રામ પંચાયત વિસ્તારમાં બાંધકામ